C.C.No. 39/2018

सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ:– | ૨૪/૦૧/૨૦૧૮ | | |
| દાખલ તારીખ:– | ૨૪/૦૧/૨૦૧૮ | | |
| જજમેન્ટ તારીખ:– | ૦૧/૦૫/૨૦૨૬ | | |
| અવધિ:– | વર્ષ | માસ | દિન |
| | ૦૮ | ૦૩ | ૦૮ |
| **આંક:–** | | | |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**FORM-A**

o--------------------------------------o

**ધોળકાના મહે. એડી. જ્યુડીશીયલ મેજી. ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધોળકા.**

o--------------------------------------o

**શ્રી પી.એમ.જોષી, એડી.જ્યુ.મેજી.ફ.ક., ધોળકા.**

**(ચુકાદા તારીખ : ૦૧/૦૫/૨૦૨૬ )**

**ક્રીમીનલ કેસ નં. ૩૯/૨૦૧૮**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન |
| ગુનો : | ઈ.પી.કો.કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એક્ટ. ૧૩૫ મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત : | ઈ.પી.કો.કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એક્ટ. ૧૩૫ મુજબ |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી ધર્મેશ ઠાકોર |
| આરોપી/આરોપીઓ : | (૧)બહાદુરસીંહ ડાયાભાઈ ડોડ (૨) જતીનભાઈ બહાદુરભાઈ |

| | |
|---|---|
| | ડોડ બંન્ને રહે. બદરખા તા.ધોળકા જી.અમદાવાદ |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | એસ.વી.પટેલ |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૨૨/૦૮/૨૦૧૫ |
| ફરિયાદની તારીખ : | ૨૨/૦૮/૨૦૧૫ |
| ચાર્જશીટની તારીખ : | ૦૨/૧૨/૨૦૧૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | – |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | ૦૭/૦૪/૨૦૧૮ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | ૧૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદા તારીખ : | ૦૧/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | |

| આરોપી નંબર | આરોપીનુ નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિતગ | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ:૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br><br>૨. | બહાદુરસીંહ ડાયાભાઈ ડોડ<br><br>જતીનભાઈ બહાદુરભાઈ ડોડ બંન્ને રહે. | – | – | ઈ.પી.કો.કલમ– ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એક્ટ. ૧૩૫ મુજબ | | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | બદરખા તા.ધોળકા જી. અમદાવાદ | | | | | | |

## FORM-C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવા :**

| અનુ. નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| ૧. | અનુપસીંહ નવલસીંહ ડોડની જુબાની | ફરિયાદી | ૧૮ |
| ૨. | કીરીટસીંહ ભુપતસીંહ ડોડની જુબાની | સાહેદ | ૨૨ |
| ૩. | જગદીશભાઈ જીતેન્દ્રરાય પાઠકની જુબાની | પંચસાહેદ | ૨૩ |
| ૪. | મુકેશભાઈ કરશનભાઈ વસાવાની જુબાની | પંચસાહેદ | ૨૭ |
| ૫. | મનીષભાઈ રાજુભાઈ વસાવાની જુબાની | પંચસાહેદ | ૨૯ |
| ૬. | પ્રવિણાબેન નવલસીંહ ડોડની જુબાની | સાહેદ | ૩૩ |
| ૭. | મુકેશભાઈ ખોડુભાઈ ડોડની જુબાની | સાહેદ | ૩૪ |

### (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૯ |
| ૨. | શરીર સ્થીતીનું પંચનામુ | ૨૪ |
| ૩. | હથીયાર રીકવરી પંચનામુ | ૨૮ |
| ૪. | મરણ પ્રમાણપત્ર ( ઉમેદસંગ ) | ૩૧ |
| ૫. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૩૮ |
| ૬. | એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૪૦ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**–: JUDGEMENT :–**

૧. ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તારીખ ૨૨/૦૮/૨૦૧૫ ના કલાક ૧૦/૦૦ વાગે મોજે બદરખા માંડણપુરા રોડ ઉપર આ કામના ફરિયાદી પોતાનું ટ્રેક્ટર લઈ નીકળતા આરોપીનું મોટરસાયકલ રસ્તા વચ્ચે પડેલ હોય મો.સા. સાઈડમા લેવા કહેતા તે કારણે આરોપી ઉશ્કેરાઇ જઈ ફરિયાદીને ગાળો બોલી આરોપીઓએ તેમના હાથમાની લાકડી તથા પાઈપ વડે ફરિયાદની માથામા મારી માથામા પાછળના ભાગે તથા કપાળમા ઈજા પહોંચાડી ગુનામા એકબીજાની મદદગારી કરી મે.અધિક જીલ્લા મેજી. સાહેબના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી

ઈ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબનો ગુનો કરેલ અને તે બાબતની ફરીયાદ ફરીયાદી ધ્વારા નોંધવામાં આવેલ તથા તપાસના અંતે ત.ક.અ.શ્રી ધ્વારા જરુરી પુરાવાઓ એકત્રિત કરી આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ –૧૭૩(૨) મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ –૧૯૦ (૧) (ખ) આધારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ,કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતા, હાજર થતા, કલમ–૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ,કલમ–૨૪૦ મુજબ વિગતવારનુ તહોમતનામુ ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, કલમ–૨૪૨ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ત્યારબાદ પડેલ પુરાવા પરથી આ કામના આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ – ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનુ અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૪. ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે.બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રીએ ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ

કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

૫. સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા, ફરીયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્ધાઓ :-</u>**

**મુદ્દા નં.૧** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તારીખ ૨૨/૦૮/૨૦૧૫ ના કલાક ૧૦/૦૦ વાગે મોજે બદરખા માંડણપુરા રોડ ઉપર આ કામના ફરિયાદી પોતાનું ટ્રેક્ટર લઈ નીકળતા આરોપીનું મોટરસાયકલ રસ્તા વચ્ચે પડેલ હોય મો.સા. સાઈડમા લેવા કહેતા તે કારણે આરોપી ઉશ્કેરાઇ જઈ ફરિયાદીને ગાળો બોલી આરોપીઓએ તેમના હાથમાની લાકડી તથા પાઈપ વડે ફરિયાદની માથામા મારી માથામા પાછળના ભાગે તથા કપાળમા ઈજા પહોંચાડી ગુનામા એકબીજાની મદદગારી કરી મે.અધિક જીલ્લા મેજી. સાહેબના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૨ શું હુકમ કરવો જોઈએ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબ છે.

**– <u>ન્યાયિક નિર્ણયો</u> –**

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## – નિર્ણય માટેના કારણો –

મુદ્દા નં.૧ ::

૭. આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ,આ કામે આરોપી સામે જયારે ઈ.પી.કો. કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પરથી શંકાથી પર સાબિત કરવાના રહે છે.

### ફરીયાદપક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:–

૮. ફરિયાદપક્ષે આંક ૧૮ થી ફરિયાદી અનુપસીંહ નવલસીંહ ડોડએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા. ૨૨/૮/૨૦૧૫ના રોજ ફરીયાદવાળો બનાવ બનેલો હતો. તેઓ ટ્રેકટર લઈ સવારના દશ વાગ્યાની આજુબાજુ ખેતરથી કન્ટીવેટર જોડવા તેઓના ઘરે આવતો હતો. તેઓ માંડણપુરા થી બદરખા વચ્ચે પહોંચતા રસ્તામાં એક બાઈક રોડની વચ્ચે પડેલું હતું. તેઓએ આ બાઈક કોઈ સાઈડમાં લે તે માટે હોર્ન મારેલો. તે દરમ્યાન આરોપી બહાદુરભાઈ ડાયાભાઈ ડોડ તેના હાથમાં લાકડી લઈ રસ્તા પર આવેલા અને તેઓને જેમ ફાવે તેમ બોલવા લાગેલા હતા. તેઓને કહેલ કે તારાથી જે થાય તેમ કરી લે આ બાઈક રસ્તામાં થી નહી લેવામાં આવે. દરમ્યાન આરોપીઓ અને તેઓના વચ્ચે ગાળાગાળી બોલચાલ થયેલી અને તે વખતે બહાદુરભાઈએ તેના હાથમાં રહેલ લાકડીનો દંડો તેઓને શરીરના ડાબા ભાગે કોણીથી ઉપર મારેલો. દરમ્યાન બહાદુરભાઈનો દીકરો

ચીરાગભાઈ આવેલો જેના હાથમાં લોખંડની પાઈપ હતી જેણે તેઓને કપાળમાં ડાબી આંખની ઉપર મારેલો અને બીજો ઘા માથામાં જમણી બાજુ પાછળના ભાગે મારેલો હતો. દરમ્યાન બહાદુરભાઈનો દીકરો જતીનભાઈ પણ આવી ગયેલો જેના હાથમાં લાકડી હતી જેણે તેઓને ડાબા પગમાં ઢીંચણથી નીચેના ભાગે મારેલું. તેઓને માથામાં વાગતા લોહીની કુટ થયેલી અને તેઓએ બુમાબુમ કરતા આજુબાજુના ખેતરવાળાઓ આવી ગયેલા જેથી આરોપીઓ બનાવ સ્થળેથી જતા રહેલા. તેઓને રસ્તામાં એક બાઈકવાળા ભાઈ બદરખા ગામમાં તેઓના ઘરે મુકી ગયેલા. તેઓને તેમના ઘરના લોકોએ સારવાર માટે ધોળકા પાર્શ્વનાથ હોસ્પીટલ સારવાર માટે લઈ ગયેલા હતા. જયા તેઓને માથામાં તથા કપાળમાં પાંચ પાંચ ટાંકા આવેલા હતા અને ડાબા પગના ઢીંચણના નીચેના ભાગે સારવાર કરાવેલી હતી. આ બાબતે તેઓએ પોલીસ ફરીયાદ કરેલી હતી. તેઓને અસલ ફરીયાદ બતાવતા તેઓની સહી ઓળખી બતાવે છે. ફરીયાદ રજુ દા.આંક ૧૯. મુદ્દામાલ હથીયારો બતાવવામાં આવે તો ઓળખી શકું. તેઓને મુદ્દામાદ પાવતી નંબર ૨૬/૧૫, એમ.આર.નં.૧૦/૨૪ અનુસંધાને આર્ટીકલ નં.૧ એક વાસની લાકડી લંબાઈ આશરે ચાર કુટ દશ ઈંચ, આઠ પાતળી ગાંઠો વાળી આજરોજ નામદાર કોર્ટમાં તેઓને બતાવવામા આવે છે જે જોઈને તેઓએ કહેલ છે કે બહાદુરભાઈ ના હાથમા હતી અને આ લાકડીથી તેઓને બહાદુરભાઈએ બરડાના પાછળના ભાગે મારેલુ. તેઓને મુદ્દામાદ પાવતી નંબર ૨૬/૧૫, એમ.આર. નં. ૧૦/૨૪ અનુસંધાને આર્ટીકલ નં.૨ એક વાસની લાકડી લંબાઈ આશરે પાંચ કુટ, આઠ પાતળી ગાંઠો વાળી આજરોજ નામદાર કોર્ટમાં તેઓને બતાવવામા આવે છે જે જોઈને કહેલ છે કે જતીનભાઈના હાથમા હતી અને આ લાકડીથી તેઓને જતીનભાઈએ ડાબા પગે ઢીંચણથી નીચેના ભાગે મારેલુ. સાહેદે જણાવેલ છે કે આ કામના આરોપી ચીરાગભાઈ જોડે એક લોખંડની પાઈપ હતી જે પાઈપ ચીરાગભાઈએ તેઓને માથના પાછળના ભાગે તથા કપાળના ભાગે ઘા મારી ઈજા કરેલ જેનાથી તેઓને બન્ને જગ્યાએ પાંચ પાંચ ટાંકા આવેલા.

જ્યારે ફરિયાદીએ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓ

ધોરણ બાર પાસ છે. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે બદરખા માંડણપુરા વાળો રસ્તો બે લેન વાળો રસ્તો છે. તથા આ રસ્તાની એક બાજુ પાણીની કાંસ(નાની કેનાળ) આવેલી છે. તથા આ કાંસની એક એક બાજુ પથ્થરોનુ પ્રોટેક્શન ચે અને બીજી બાદજુ ખેતરોની વાડ આવેલી છે. તથા આ રસ્તા ઉપરથી સ્કુલના બાળકો, ગામના લોકો વીગેરે પસાર થતા હોય છે. તથા બનાવ સમયે તેઓ ટ્રેક્ટર ઉપર હતા. તથા તેઓના ટ્રેક્ટરી ઉપર હુડ પણ આવેલ છે. તથા ટ્રેક્ટર ડ્રાઇવરની ડાબી જમણી બાજુ બેસવાની જગ્યા આવેલી છે તેમા પાઈપ થી સેફ્ટી કરેલ છે. તથા આરોપી તેઓના ગામના હોઈ પહેલાથી તેમને ઓળખે છે. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે આ બનાવ અગાઉ તેઓને આરોપીઓ જોડે બાલાચાલી થયેલી. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે હાલની ફરિયાદ પછી તેઓએ તથા આરોપીઓને સામ સામે ફરિયાદ થયેલી. તથા બનાવ સમયે બનાવવાળી જગ્યાએ તેઓ અને બહાદુરભાઈ હતા તે સીવાય હોઈ ન હતુ. બહાદુરભાઈનુ ખેતર બનાવવાળી જગ્યાથી દુર આવેલ છે. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે કોઈપણ વ્યક્તિ ખેતરે જાય ત્યારે પોતાનુ સાધન પોતાના ખેતર આગળ મુકે. તેઓને સવાલ કરવામા આવેલ કે બનાવ કેટલા સમય ચાલેલો? જેના જવાબ મા જણાવેલ કે ૧૫ થી ૨૦ મીનીટ. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએથી સાધન લઈને તેઓના ઘરે જતા પાંચ થી સાત મીનીટ થાય. તથા બનાવ બન્યો તે પહેલા તેઓ ટ્રેકટર લઈને નીકળેલો ત્યારે હોર્ન મારેલા. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેઓએ તેમની ફરીયાદમા એમ લખાવેલ નથી કે બનાવ બનતા સો પ્રથમ કોણ આવેલુ. તથા તેઓએ તેમની ફરીયાદમાં કોણ કઈ ગાળો બોલેલુ તે લખાવેલ નથી. તથા તેઓએ તેમની ફરીયાદમાં કોણે કઈ ધમકી આપેલી તે લખાવેલ નથી. તથા તેઓએ તેમની ફરીયાદમાં લાકડીનુ વર્ણન લખાવેલ નથી. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે માથાકુટ થઈ ત્યારે ઉતાવળે ટ્રેકટરથી ઉતરવા જતા તેઓને ઈજા થયેલી. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેઓ ટ્રેકટર પર બેસી રહેલો. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેમને વાગતા તેઓ બેભાન થઈ ગયેલો. ત્યારબાદ તેઓને સવાલ કરવામા આવેલ કે લોહીની ફેટ ટ્રેકટર પર થયલી?

જેના જવાબમા જણાવેલ કે હા. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેમની સરતપાસમા લખાવેલ હકીકત કે એક બાઈકવાળોભાઈ તેઓને ઘરે લઈ ગયેલ તે તેમની ફરીયાદમા લખાવેલ નથી. તથા આરોપીનુ કયા નંબરનુ અને કઈ કંપનીનુ બાઈક હતુ તે તેઓએ તેમની ફરીયાદમાં લખાવેલ નથી. તથા તેઓ કેટલા વાગે હોસ્પીટલમા દાખલ થયેલ તે તેઓએ તેમની ફરીયાદમાં લખાવેલ નથી. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓને આરોપી નં.૨ ની પત્ની જોડે અનૈતીક સંબંધો હોય તેની અદાવત રાખી તેઓએ ખોટી રીતે ઝઘડો કરી હાલની ખોટી ફરીયાદ આપેલ છે. તેઓને સવાલ કરવામા આવેલ કે બાઈક રોડ વચ્ચે પડેલુ કે રોડની સાઈડમા પડેલુ? જેના જવાબ મા જણાવેલ કે રોડની વચ્ચે બાઈક પડેલુ હતુ. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે આરોપીઓ સાથે તેઓને માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાઈ બનેલ નહી. તથા આરોપીએ તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે કોઈ પાઈપ કે લાકડી વડે માર મારી ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. તથા બનાવ સમયે ધક્કા મુક્કિ થતા પડી જવાથી તેઓને ઈજા થયેલી. તથા તેઓ હાલના કામના આરોપી સામે કોઈ કેસ ચલાવવા માંગતા નથી.

ઉપરોક્ત ફરીયાદીની જુબાની જોવામા આવે તો બનાવ બનાવસ્થળે બનેલાનું જણાઈ આવે છે. ફરીયાદીની સરતપાસ વંચાણે લેતા આ કામના આરોપીઓએ તેઓને ગાળો બોલી માર મારેલાનું જણાઈ આવે છે. પરંતુ સદર ફરીયાદીએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાત નો સ્વીકાર કરેલ છે કે **બનાવ વાળી જગ્યાએ તેઓ અને આ કામના આરોપી બહાદુરભાઈ હતા તે સીવાય કોઈ હતુ નહી.** ફરીયાદીએ કોણ કઈ ગાળ બોલેલ, કોણે કઈ ધમકી આપેલ કે લાકડીના વર્ણન વીશે તેમની ફરીયાદમાં લખાવેલ નથી. **ફરીયાદીએ આ કામના આરોપીઓ સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાંઈ બનેલ ન હોવાનુ તેમની આરોપીતર્ફેની ઉલટતપાસમાં જણાવેલ છે. તેઓએ એ વાત નો પણ સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે કોઈ પાઈપ કે લાકડી વડે માર મારી ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. તેઓને બનાવ સમયે ધક્કામુક્કી થતા પડી જવાથી ઈજા થયેલ હોવાનું જણાવે છે.**

૯. ફરિયાદપક્ષે આંક ૨૨ થી સાહેદ કીરીટસીંહ ભુપતસીંહ ડોડએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, સને ૨૦૧૫ ની આસપાસ અનોપસીહ ટ્રેક્ટર લઈને માંડણપુરાથી બદરખા ગામ આવતા હતા ત્યા વચ્ચે બહાદુરભાઈ ડાહ્યાભાઈ ડોડ નુ બાઈક વચ્ચે પડેલ જેથી અનોપસીહે હોર્ન મારી બાઈક ખસેડવાનુ કીધુ જેથી બહાદુરભાઈએ ઉસ્કેરાઈને લાકડીનો એક ઘા અનોપસીહ ના બરડામા મારેલો. જેથી તે સમયે બહાદુરસીહ ના છોકરા ચીરાગભાઈ અને જતીનભાઈ ત્યા આવી ગયેલા અને ચીરાગભાઈ એ લોખંડની પાઈપ અનોપભાઈ ના માથામા આગળના ભાગ મા અને પાછળના ભાગમા મારેલી અને તેઓને લોહી નીકળેલ. જતીનભાઈએ લાકડી લઈ અનોપભાઈ ને ઢીચણના ભાગમા મારેલ. અને ત્યા સુધી તેઓ ખેતરમાથી ત્યા આવી ગયેલ પછી અનોપસીહ ના પીતાજીને ફોન કરી બોલાવી અને અનોપસીહને ખાનગી વાહન મા પાશ્વનાથ સારવાર સારુ લઈ ગયેલ અને ત્યા અનોપસીંહને સારવાર દરમ્યાન માથાના ભાગે પાચ ટાંકા આવેલા. તેઓને મુદામાલ લોખંડની પાઈપ તથા લાકડી બતાવવામા આવે તો હાલ તેઓ ઓળખી શકે નહી. તેઓ આરોપીઓને ઓળખુ છુ જેમાથી આજ રોજ નામદાર કોર્ટમા બહાદુરભાઈ અને જતીનભાઈ હાજર છે જેઓને સદર સાહેદ આગળી ચીંધી નામ જોગ ઓળખી બતાવે છે.

જ્યારે સાહેદએ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમા એ વાતનો સ્વીકાર કરેલ છે કે આરોપી ગામના અને કુટુબના હોય તેઓ આરોપીઓને ઓળખુ છુ. તથા બનાવ સમયે તેઓ ખેતરમા હતો. તથા બનાવ વાળી જગ્યા અને તેઓના ખેતર વચ્ચે વાડ છે જેથી પરફેકટ દેખાય નહી. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે ટ્રેકટરનો સતત હોર્ન વાગતો હતો જેથી તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા. સાહેદ જણાવે છે કે બોલાબોલી નો અવાજ થતા તે સાભળીને તેઓ ત્યા ગયેલા. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેઓ બનાવ સ્થળે પહોચ્યો ત્યારે અનોપસિહ ટ્રેકટર ઉપર હતા. તથા બનાવ વાળા સમયે બનાવ વાળી જગ્યાએ વાહન અને માણસોની

અવર જવર રહે તેવો સમય હતો. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓ કહે છે તેવો કોઈ બનાવ બનેલ નથી પરંતુ અનોપસીહ તેમના ભત્રીજા થતા હોય તેમના સમર્થનમા ખોટી જુબાની આપે છે. **<u>તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે આરોપીઓ સાથે અનોપસીંહને માત્ર સામાન્યા બોલાચાલી થયેલી તે સીવાય કાંઈ બનેલ નહી. તથા આરોપીએ અનોપસીંહને કોઈ ગાળો બાલેલ નથી કે માર મારી ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. તથા બનાવ સમયે ધક્કા મુક્કિ થતા પડી જવાથી અનોપસીંહને ઈજા થયેલી.</u>**

૧૦. **ફરિયાદપક્ષે આંક ૨૩ થી પચંસાહેદ જગદીશભાઈ જીતેન્દ્રરાય પાઠકે, આંક ૨૭ થી તથા આંક ૨૯ થી તપાસેલ પંચસાહેદ દ્વાર પંચનામાંની હકીકત ને સમર્થન આપવામા આવેલ નથી.**સદર પંચસાહેદ તેઓની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી તેઓને **હોસ્ટાઈલ** જાહેર કર્યા બાદ તેમની ઉ.ત.કરવા છતાંયે તેમણે ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જ્યારે સદર પંચસાહેદએ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમા એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેઓએ તૈયાર કાગળમા માત્ર સહી કરેલી તે સીવાય બીજુ કાંઈ જાણતા નથી.

૧. **ફરિયાદપક્ષે આંક ૩૩ થી સાહેદ પ્રવિણાબેન નવલસીંહ ડોડએ સોગંદ ઉપર જુબાની આપેલી છે.** તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે આજથી આશરે દસેક વરસ પહેલા તેમના પતિ નવલસીહનાઓનો પર કીરટીસીહનો ફોન આવેલ અને જણાવેલ કે ખેતરમા રસ્તામા ઝઘડો થયેલ છે અને અનુપસીહનાઓને સો પ્રથમ બહાદુરસીહનાઓએ બરડામા લાકડી મારેલ ત્યારબાદ ચીરાગભાઈ અને જતીનભાઈ આવેલા અને ચીરાગભાઈએ અનુપસીહને માથામા કપાળના ભાગે તથા પાછળના ભાગે લોખંડની પાઈપ મારેલી. જે તેઓને જાણ થતા તેઓ સગા વ્હાલાઓ બનાવ સ્થળે ગયેલા અને અનુપસીહને ઈજા થયેલ હોય ખાનગી વાહનમા સારવાર માટે પાશ્વનાથ હોસ્પીટલ લઈ ગયેલા. તેમજ સોનાગ્રફી એમઆરઆઈ કરવા

અમદાવાદ લઈ ગયેલા. અનુપસીહનાઓને સારવારમા દવાખાનામા દસેક દીવસ દાખલ કરેલા અને તેમને માથામા ટાકા લેવામા આવેલ અને તે રીતે તેમની સારવાર કરવામા આવેલી. આરોપીઓ આજરોજ કોર્ટમા હાજર હોય સાહેદ તેમને ઓળખી બતાવે છે.

જ્યારે સાહેદએ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે તેઓ ધોરણ પાચ સુધી ભણેલ છે. તેઓને તારીખ વાર વરસ વીગેરેમા ખબર પડે. આ બનાવ સવારમા દસેક વાગ્યાની આજુબાજુ બનેલો. તેમના પતિ પર ફોન આવ્યો ત્યારબાદ તેમને બનાવની જાણ થયેલી. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે બનાવની જાણ થતા તેઓ દવાખાને ગયેલા. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા નહી. સાહેદ જણાવે છે કે બનાવવાળી જગ્યાએ ગયેલા અને પછી દવાખાને ગયેલા. બનાવવાળી જગ્યાએ તેઓ કુટુંબવાળાઓ સાથે ગયેલા. તેઓ બાઈક પર ગયેલી. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ તેમના ઘરેથી બાઈક પર જતા બેએક મીનીટ થાય. બનાવવાળી જગ્યાએ તેઓના કુટુંબવાળાઓ સીવાય ગામના અન્ય માણસો તેઓની સાથે આવેલા નહી કે બનાવ સ્થળે હાજર નહોતા. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ માંડણપુરા થી બદરાખા જવાના રસ્તા પર છે અને ત્યા બન્ને ગામના લોકોની અવર જવર રહેતી હોય છે. તથા આરોપીઓ તેમના જ્ઞાતી ભાઈઓ થતા હોય તેઓ તેમને વરસો થી ઓળખુ છુ. તથા ફરીયાદી અનુપસીહ તેમનો દીકરો થાય છે. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેમના દીકરા અનુપસીહને આરોપીઓ સાથે અગાઉ કયારેય બોલાચાલી થયેલ છે. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેઓને અને આરોપીઓ વચ્ચે સામાસામી ફરીયાદો થયેલ છે. એ વાતની તેઓને ખબર નથી કે તેઓના દીકરાને જતીનભાઈના પત્ની સાથે અફેર હતુ અને તે કારણે તેઓને અને આરોપીઓ વચ્ચે ઝઘડો થયેલો. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેમના દીકરાને જતીનભાઈના પત્ની સાથે અફેર હતુ તેવી વાતો

ગામના લોકો કરતા હતા. તથા બનાવ તેઓએ રૂબરૂ જોયેલ નથી. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓએ બનાવ જોયેલ નહોય કોણે કોને શુ મારેલ તે તેઓ કહી શકુ નહી. તથા તેઓ કહે છે તેવો કોઈ બનાવ બનેલ નથી પરંતુ ફરીયાદી તેમના દીકરો થતા હોય તેમને સમર્થન કરવા આજરોજ ખોટી જુબાની આપુ છુ. **તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે આરોપીઓ સાથે અનોપસીંહને માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાઈ બનેલ નહી. તથા આરોપીએ અનોપસીંહને કોઈ ગાળો બોલેલ નથી કે માર મારી ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. તથા બનાવ સમયે ધક્કા મુક્કિ થતા પડી જવાથી અનોપસીંહને ઈજા થયેલી.**

૧૪. **ફરિયાદપક્ષે આંક ૩૪ થી સાહેદ મુકેશભાઈ ખોડુભાઈ ડોડએ સોગંદ ઉપર જુબાની આપેલી છે.** તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે તારીખ ૨૨/૦૮/૧૫ ના રોજ તેમના મોટા ભાઈ નવલસીહનાઓનો તેમના પર ફોન આવેલ અને જણાવેલ કે મારા પર કીરટીસીહનો ફોન આવેલ છે અને જણાવેલ છે કે ખેતરમા રસ્તામા ઝઘડો થયેલ છે અને નવલભાઈના બાબા અનુપસીહનાઓને સો પ્રથમ બહાદુરસીહનાઓએ બરડામા લાકડી મારેલર ત્યારબાદ ચીરાગભાઈ અને અન્ય એક ઈસમ આવેલા અને ચીરાગભાઈએ અનુપસીહને માથામા કપાળના ભાગે તથા પાછળના ભાગે લોખંડની પાઈપ મારેલી. જે તેઓને જાણ થતા તેઓના સગા વ્હાલાઓ બનાવ સ્થળે ગયેલા અને અનુપસીહને ઈજા થયેલ હોય ખાનગી વાહનમા સારવાર માટે પાશ્વનાથ હોસ્પીટલ લઈ ગયેલા. તેમજ સોનાગ્રફી એમઆરઆઈ કરવા અમદાવાદ લઈ ગયેલા. અનુપસીહનાઓને સારવારમા દવાખાનામા દસેક દીવસ દાખલ કરેલા અને તેમને માથામા ટાકા લેવામા આવેલ અને તે રીતે તેમની સારવાર કરવામા આવેલી. આરોપીઓ આજરોજ કોર્ટમા હાજર હોય સાહેદ તેમને ઓળખી બતાવે છે.

જ્યારે સાહેદએ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે બનાવ કઈ જગ્યાએ અને કયા સમયે બનેલ તેનો તેમને ખ્યાલ છે. આ બનાવ સાડા નવ થી દસેક વાગ્યાની આજુબાજુ, બદરખાથી માંડણપુરા જવાના રસ્તા પર બનેલો. તેમના પર દસેક વાગ્યાની આજુબાજુ ફોન આવેલો. તેઓને ફોન પર બેએક મીનટી વાત ચાલેલી. ફોન પુરો થયો ત્યારબાદ તેઓ દવાખાને ગયેલો. તેમનુ નિવેદન પોલીસે કઈ જગ્યાએ લીધેલ તેવુ પુછતા લખાવુ છુ કે પાશ્વનાથ દવાખાને લીધેલ. તેઓએ પોલીસને જે લખાવેલ તે પોલીસ લખેલ હતુ. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે અનુપસીહને સારવાર માટે અમદાવાદ લઈ ગયેલા તે હકીકત તેમના નીવેદનમા લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે પાછળથી અમદાવાદ લઈ ગયેલા. તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે આરોપીઓ તેમના જ્ઞાતી ભાઈઓ થતા હોય તેઓ તેમને વરસો થી ઓળખુ છુ. તથા ફરીયાદી અનુપસીહ તેમનો ભત્રીજો થાય છે. એ વાતની તેમને ખબર નથી કે અનુપસીહને આરોપીઓ સાથે અગાઉ કયારેય બોલાચાલી થયેલ છે કે કેમ. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે બનાવ તેઓએ રૂબરૂ જોયેલ નથી. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓએ બનાવ જોયેલ નહોય કોણે કોને શુ મારેલ તે તેઓ કહી શકે નહી. સાહેદ જણાવે છે કે તેઓને ફોન આવેલ જેથી બનાવની જાણ છે. બનાવ બન્યા બાદ તેઓ એકાદ કલાક પછી દવાખાને ગયેલ. તેઓએ એ વાત નો ઈન્કાર કરેલ છે કે તેઓ કહે છે તેવો કોઈ બનાવ બનેલ નથી પરંતુ ફરિયાદી તેમના ભત્રીજા થતા હોય તેમને સમર્થન કરવા ખોટી જુબાની આપે છે. **તેઓએ એ વાત નો સ્વીકાર કરેલ છે કે આરોપીઓ સાથે અનોપસીંહને માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાઈ બનેલ નહી. તથા આરોપીએ અનોપસીંહને કોઈ ગાળો બોલેલ નથી કે માર મારી ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. તથા બનાવ સમયે ધક્કા મુક્કિ થતા પડી જવાથી અનોપસીંહને ઈજા થયેલી.**

**<u>મુલ્યાંકનઃ–</u>**

૧૫. આમ, આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તથા સાહેદે સરતપાસમાં ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ ના હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કારક કોઇ હકીકત જણાવેલ નહી તેમજ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઇ બનેલ નહી. તેમજ આરોપીઓએ કોઇ ગાળો બોલેલ નથી કે કોઇ માર મારેલ નથી કે કોઈ માર મારી ઈજા કરેલ નથી. આમ, ફરીયાદી તથા સાહેદે તેઓના પુરાવા દરમ્યાન વિરોધાભાસી હકીકત જણાવેલ હોય જેથી ફરીયાદપક્ષની હકીકતોને નિઃશંકપણે સમર્થન મળે તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

૧૬. વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૪ થી આરોપીઓની શરીર સ્થીતીનુ પંચનામુ તથા આંક ૩૮ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૨૮ થી રીકવરી પંચનામું તથા આંક ૪૦ થી મેડીકલ સર્ટી રજુ થયેલ છે પરંતુ, સદર પંચનામાના પંચ સાહેદો ધ્વારા પંચનામાને સમર્થન આપવામા આવેલ નથી તથા મેડીકલ સર્ટી લગત કોઇ ડોકટરશ્રીને તપાસવામા આવેલ નથી. જેથી સદર પંચનામું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલાનુ ફલિત થાય છે. જેથી સદર દસ્તાવેજ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ અન્વયે પુરવાર થયેલ નથી. વધુમાં ઉપરોક્ત દસ્તાવેજોને જેમના તેમ વંચાણે લેવામાં આવે તો પણ ફરીયાદપક્ષ કહે છે તે મુજબનો બનાવ બનેલાન હોવાનુ તથા ફરીયાદીને ઇજા થયેલ હોવાનુ સાબિત થાય પરંતુ, આ ઈજાઓ હાલના કામના આરોપીએ જ કરેલ છે તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા રેકર્ડ પર આવતી ન હોય ફરીયાદપક્ષની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી.

૧૭. આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચાને અંતે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

૧. ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩, કલમ-૨૪૮(૧) અન્વયે આરોપીઓ (૧)બહાદુરસીંહ ડાયાભાઈ ડોડ (૨) જતીનભાઈ બહાદુરભાઈ ડોડ બંન્ને રહે. બદરખા તા.ધોળકા જી.અમદાવાદનાઓને ભારતીય દંડ સહિતાની કલમ - ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ- ૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે તથા ક્રિ.પ્રો.કો.-કલમ:-૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે આરોપીના રુા. ૫૦૦૦/- (અંકે રુપીયા પાંચ હજાર) ના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>ચુકાદો:-</u>** આજ રોજ તા. ૦૧ લી, માંહે -મે સને -૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ધોળકા.
તા : ૦૧/૦૫/૨૦૨૬

(પ્રહલાદકુમાર મુળશંકર જોષી )
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ધોળકા.
કોડ નં. જીજે-૦૧૭૧૬.